SEAT No.__________

[50]

No. of Printed Pages : 02

**Sardar Patel University**

**M.A. Examination , 3rd Semester**

**Friday, date 12/4/24 , Time: 2:00 P.M.to 5:00 P.M.**

**PA03CGUJ53** Subject title: ગુજરાતી ભાષાઃ સ્વરૂપવિચાર ( Total marks :70)

........................................................................................................................................

પ્રશ્ન :૧ વૈકલ્પિક પ્રશ્નોના જવાબ આપો. ( ગુણ :૧૦ )

૧) જૂનીપશ્ચિમી રાજસ્થાની ભાષાનો વિશેષ અભ્યાસ કોણે કર્યો છે?
અ) ગ્રિયર્સન બ) તેસ્સીતોરી ક) કર્નલ ટૉડ ડ) ફાર્બસ

૨)'હાથે કર્યા હૈયે વાગે' વાક્યમાં 'હાથે' શબ્દમાં 'એ' અનુગ કયું કાર્ય કરે છે?
અ) કર્તા બ) કર્મ ક) કરણ ડ) અધિકરણ

૩) નીચેનામાંથી કઈ વાક્યરચનામાં કર્મ હોતું નથી?

અ) સાદું વાક્ય બ) સંયુક્ત ક) સંકુલ ડ) ભાવે

૪) 'તમે આવ્યા ને લાઈટ ગઈ '-આ વાક્યમાં 'ને' પદ કયું કાર્ય કરે છે?

અ) સંયોજક બ) ક્રિયાવિશેષણ ક) નિપાત ડ) નામયોગી

૫) ઘર સામે દુકાન છે .' આ વિધાનમાં 'સામે' પદ કયું કાર્ય કરે છે?

અ) ક્રિયાવિશેષણ બ) નિપાત ક) નામયોગી ડ) વિશેષણ

૬) નીચેનામાંથી કયો ધ્વનિઘટક પ્રકંપી છે?

અ) ક બ) સ ક) લ ડ) ર

૭) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.
વિધાનઃ ૧ 'અમે બોલીઓ છીએ' શાંતિભાઈ આચાર્યનું છે
વિધાનઃ૨ 'બોલીવિજ્ઞાન' પુસ્તક યોગેન્દ્ર વ્યાસનું છે.
અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.
ક) વિધાનઃ૧ સાચું,વિધાનઃ૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાનઃ૨ સાચું.

૮) અનુનાસિકોનો અભ્યાસ શામાં કરવામાં આવે છે?
અ) ધ્વનિવિજ્ઞાન બ) પદવિજ્ઞાન ક) વાક્યવિજ્ઞાન ડ) અર્થવિજ્ઞાન



(P.T.O.)

૯) નીચેનાં વિધાનોની યથાર્થતા ચકાસો.

વિધાન :૧ નાદતંત્રીની સકંપ અવસ્થામાં 'પ' ઉત્પન્ન થાય છે.

વિધાન :૨ નાદતંત્રીની નિષ્કંપ અવસ્થામાં 'ભ' ધ્વનિ ઉત્પન્ન થાય છે.

અ) બન્ને વિધાનો સાચાં છે. બ) બન્ને વિધાનો ખોટાં છે.

ક) વિધાન:૧ સાચું ,વિધાન:૨ ખોટું છે. ડ) વિધાન : ૧ ખોટું,વિધાન:૨ સાચું

૧૦) યોગ્ય યુગ્મો રચો.

| યાદી:૧ | યાદી:૨ |
|---|---|
| ૧) સામાન્યકૃદંત | ૧) ભલે |
| ૨) સંયોજક | ૨) માટે |
| 3) નિપાત | 3) જવું |
| ૪) ક્રિયાવિશેષણ | ૪) માત્ર |

અ) ૧-૨ ,૨-૧,3-૪,૪-3 બ) ૧-3 ,૨-૨,3-૪,૪-૧

ક) ૧-૨,૨-૧,3-3,૪-૪ ડ) ૧-૨,૨-૪,3-૧,૪-3

પ્રશ્ન : ૨ ગુજરાતી ભાષાના ઉદ્‌ભવ અને વિકાસને વિસ્તારથી જણાવો. (ગુણ : ૧૫)

**અથવા**

ટૂંક નોંધ લખો. (બન્ને)

૧) ભારત-યુરોપીય ભાષાકુળ ૨) પ્રાચીન ભારતીય આર્યભાષા

પ્રશ્ન : 3 ગુજરાતીના ધ્વનિઘટકોની વિશેષતા દર્શાવી તે એકબીજાથી કેવા ભિન્ન છે તે જણાવો.

**અથવા** (ગુણ : ૧૫)

ટૂંક નોંધ લખો.( બન્ને)

અ) ગુજરાતી ભાષાના સ્વરો બ) ભાષાના સહવર્તી ધર્મો : જંકચર ,સૂર,,ભાર

પ્રશ્ન: ૪ ગુજરાતી ભાષામાં પ્રયોજાતાં આખ્યાતિક રૂપાખ્યાનો જણાવો

અથવા (ગુણ: ૧૫ )

ટૂંકનોંધ લખો. (બન્ને)

અ. ગુજરાતીમાં લિંગ અને વચન વ્યવસ્થા બ) ગુજરાતી ભાષાનાં ક્રિયાવિશેષણો

પ્રશ્ન : ૫ ગુજરાતી ભાષાની વાક્યરચનાના પ્રકારોનો સદૃષ્ટાંત પરિચય કરાવો.

અથવા (ગુણ : ૧૫ )

વાક્યમાં પદસંવાદ અને પદક્રમનું કાર્ય વિગતે જણાવો.

—x—